હાલમાં આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં કર્મચારીઓ ને છુટા કરાયા હોવાનો બચાવ કરાયો

નર્મદા સખી વન સ્ટોપ સેન્ટરનાં ૧૩ કર્મચારીઓને ૮ મહિનાનાં બાકી પગારે છુટા કરી દેવાતા નારાજગી

સ્ટાફને અચાનક છૂટો કરી દેવાતા કામગીરી અટવાઈ

રાજપીપળા,,તા૮

નર્મદા જિલ્લામાં ભારત સરકાર પુરસ્કૃત તથા મહિલા અને બાળ વિકાસ વિભાગ,ગાંધીનગર સંચાલિત રાજપીપળા ખાતે કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટર નાં કર્મચારીઓ સરાહનીય કામગીરી હોવા છતાં અચાનક છુટા કરી દેવાયા હોવાનું જાણવા મળ્યું છે.જોકે નર્મદા જિલ્લામાં હિંસાથી પીડિત મહિલાઓની સમસ્યા નાં સમાધાન માટે તથા કાયદાકીય, તબીબી સહાય સહિત અનેક પ્રકારની કામગીરી કરતા આ સંસ્થાના કર્મચારીઓ ને છેલ્લા આઠ મહિનાથી પગાર મળ્યો નથી,આટલા મહિનાં થવા છતાં આ કર્મચારીઓ કામ કરી રહ્યા હતા પરંતુ અચાનક ત્યાં કામ કરતા ૧૩ કર્મચારીઓ ને છુટા કરી દેવાયા હોવાની વાત જાણવા મળી હોય આઠ મહિના થી બાકી પગાર અને ઉપરાંત છુટા કરી દેવાતા આ કર્મચારીઓની હાલત કફોડી બની છે.

અધિકારીના જણાવ્યા મુજબ સખી વન સ્ટોપ સેન્ટર નો પ્રોજેક્ટ પૂર્ણ થઈ ગયો હોવાથી ત્યાં ફરજ બજાવતા ૧૩ કર્મચારીઓ ને છુટા કર્યા છે,સરકાર દ્વારા ટુંક સમય માં નવો પ્રોજેક્ટ ચાલુ થશે ત્યારે જે તે એજન્સી ને કામ સોંપાશે અને એ એજન્સી નવા આઉટ સોર્સ કર્મચારીઓ ને લેશે. પણ હાલમાં આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં કર્મચારીઓ ને છુટા કરાયા છે.ગ્રાન્ટ નાં અભાવે આ કર્મચારીઓ નો પગાર બાકી છે, ગ્રાન્ટ આવતા ચૂકવાઈ જશે એ અમારી જવાબદારી છે.

ગોદરેજ એગ્રોવેટ લિમિટેડના ક્રોપ પ્રોટેક્શન બિઝનેસનું મેક્સકોટ લોન્ચ

મુંબઈ, તા.૮

નીંદણથી કપાસના ઉપજને ૪૫-૫૦% સુધી અસર થાય છે, મેક્સકોટ કપાસના પાક પર સંપૂર્ણપણે સલામત છે. તે પાકની વૃદ્ધિના નિર્ણાયક સમયગાળા દરમિયાન નીંદણ સ્પર્ધાને તપાસે છે અને છંટકાવના દિવસથી વ્યાપક-પાંદડાવાળા અને સાંકડા-પાંદડાવાળા નીંદણને અસરકારક રીતે નિયંત્રિત કરે છે, જે તંદુરસ્ત પાક અને ઉચ્ચ ઉત્પાદકતામાં પરિણમે છે. તે નિયંત્રણની લાંબી અવધિ પણ આપે છે, જે બદલામાં વપરાશકર્તાને માનસિક શાંતિ અને વધુ સારી અર્થવ્યવસ્થા આપે છે. ગોદરેજ એગ્રોવેટ લિમિટેડ ના ક્રોપ પ્રોટેક્શન બિઝનેસે તાજેતરમાં પીવાયએને ટકાઉ કપાસ ઉત્પાદન માટે એક છત્ર બ્રાન્ડ લોન્ચ કરવાની જાહેરાત કરી હતી. વિવિધ બજારોમાં પસંદગીયુક્ત કપાસ હર્બિસાઈડ્સની વિભાવના સ્થાપિત કરવામાં અગ્રણી, જીએવીએલ હિટવીડ અને હિટવીડ મેક્સ ઉપરાંત પીવાયએને બ્રાન્ડ હેઠળ મેક્સકોટનું વેચાણ કરશે. પાયના બ્રાન્ડ્સ પાક-નીંદણ સ્પર્ધાને ઘટાડે છે અને પ્રારંભિક તબક્કામાં કપાસના પાકને સ્થાપિત કરવામાં મદદ કરે છે, જેની સીધી ઉપજ પર હકારાત્મક અસર પડે છે. રાજવેલુ એન.કે,સીઈઓ, ક્રોપ પ્રોટેક્શન બિઝનેસએ જણાવ્યું હતું કે, મેક્સકોટ - એક પૂર્વ-ઉભરતી હર્બિસાઈડ કે જે કપાસના મોટાભાગના સમસ્યારૂપ નીંદણને પહેલા દિવસથી નિયંત્રિત કરે છે, જે પાકને ૨૫-૩૦ દિવસનો નીંદણમુક્ત વૃદ્ધિનો સમયગાળો આપે છે. આ પરંપરાગત પદ્ધતિઓની તુલનામાં શ્રેષ્ઠ નીંદણ નિયંત્રણ અને આર્થિક નિંદણ વ્યવસ્થાપનમાં અનુવાદ કરે છે. આથી તેને દર્શાવવા માટે, છેલ્લા ૪૫ દિવસો દરમિયાન ૪૦૦૦થી વધુ ખેડૂતો અને ૭૮૦ રિટેલર્સ અને ચેનલ ભાગીદારો સાથે સમગ્ર પ્રદેશમાં વ્યાપક ઉત્પાદન પ્રદર્શન કર્યું છે.

બસ શરૂ થતાં વિદ્યાર્થિનીએ ડ્રાઇવર -કંડક્ટર ને તિલક કરી ગામમાં બસનું સ્વાગત કર્યું

રાજપીપળા ઝેર બસ પુનઃ શરૂ થતા વિદ્યાર્થીઓ અને ગ્રામજનોમાં ખુશી

રાજપીપળા ,તા૮

રાજપીપળા બોરિયા કેવડિયા થી ઝેર ગામ જતી બસ આ વિસ્તારના લોકો માટે ખુબ મહત્વની હતી. સવાર સાંજ સ્કૂલના ટાઈમે આવતી જતી આ બસ ખાસ કરીને વિદ્યાર્થીઓ અને રાજપીપલા કચેરીઓના કામે આવનાર ગ્રામજનો માટે આશીર્વાદરૂપ હતી.પરંતુ ગોરાબ્રિજ બંધ થતા આ બસ વાયા ગરુડેશ્વર થઈ જતી હતી જેને લઈને ભીલવસી, બોરિયા, શાકવા, ગોરા પીપરીયા, ઉમરવા જોષી ઝરવાણી નવાગામ વાગડીયા સહિતના ગામોના લોકોને અને વિદ્યાર્થીઓ ને ખુબ મુશ્કેલી પડતી હોય આ.મુસાફરો એ ખાનગી વાહનો માં બેસીને જવું પડતું હતું આ મુશ્કેલી ને લઈને બોરિયા ગામે આવેલ પિન્ટુલાલા વિદ્યામંદિર ના આચાર્ય દેવરાજસિંહ ખેર દ્વારા જિલ્લા કલેક્ટર અને ડેપો મેનેજર ને બે થી ત્રણ વાર લેખિત રજૂઆત કરતા ડેપો મેનેજર દ્વારા રાજપીપલા ઝેર રુટ પર જતી બસ ને વાયા બોરિયા ગોરા રુટ પર પુનઃ શરૂ કરતા આ વિસ્તાર ના વિદ્યાર્થીઓ અને લોકોને મોટી રાહત થઈ છે.

વર્ષો પહેલા બંધ થઈ ગયેલ રાજપીપલા બોરિયા ઝેર રુટ ની બસ પુનઃ ચાલુ થતા આ વિસ્તારની સમશ્યા દૂર થઈ અને ખાસ કરીને આ બસ ને કારણે પિન્ટુલાલા સ્કૂલ માં ભણતા વિધાર્થી ને ખુબ રાહત થઈ હોય બોરિયા સ્કૂલની વિદ્યાર્થિનીએ બસ અને ડ્રાઈવર કંડક્ટર ને તિલક કરી ગામમાં બસનું સ્વાગત કર્યું અને ડેપોના અધિકારીઓનો પણ આભાર માન્યો હતો.

જાહેર ચેતવણી

આથી અમો ભદ્રેશકુમાર રમણભાઈ પટેલ તથા અસ્મિતાબેન ભદ્રેશકુમાર પટેલ રહે. ૯૮૨, ગીતા નગર, ભવાનદાસની ખડકી, આશાપુરા મંદિર સામે, શીળી, આણંદના તે આ જાહેર નોટીસથી જણાવીએ છીએ કે, અમારો પુત્ર નામે **વ્રજ ભદ્રેશકુમાર પટેલ** અને તેનાં પત્ની **જાનકી વ્રજ પટેલ** અમારા કહ્યામાં રહ્યા નથી, તેમજ તેઓ અમોને કોઈ આર્થિક મદદ કરતા નથી અમારો પુત્ર વિદેશ મુકામે રહેતો હોય તેની પત્ની અમારી સાથે અભદ્ર વ્યવહાર કરીને તેઓની પારીવારીક સમસ્યાઓને લઈને અમોને અવારનવાર હેરાન પરેશાન કરે છે અને ખોટી રીતે કેસોમાં ફસાઈ દેવાની ધમકીઓ આપી માનસીક અને શારીરિક ત્રાસ આપે છે અને અમોને ખુબજ આર્થીક નુકશાન પહોચાડેલ હોય જેથી અમોએ તેઓની સાથેના તમામ પ્રકારનાં સંબંધોનો અંત આણી તેઓને અમારી તમામ સ્થાવર-જંગમ મિલકતોમાંથી બેદખલ કરેલ છે. જેથી કોઈપણ વ્યક્તિ / સંસ્થાએ સદરહું અમારા પુત્ર કે પુત્રવધુ સાથે કોઈપણ આર્થિક કે સામાજીક વ્યવહાર કરવા નહીં અન્યથા અમારી કોઈપણ જવાબદારી રહેશે નહીં.

સહી/- ભદ્રેશકુમાર આર. પટેલ, સહી/- અસ્મિતાબેન બી. પટેલ

રવાના અમારી મારફતે
બ્રિજેશ એન. પટેલ (એડવોકેટ) મો. ૯૫૮૬૮૮૨૬૨૫

બિઝનેસ વૃદ્ધિ અને મૂડીમાં વધારો કરવાના હેતુથી

IIFL ફાઇનાન્સના બોન્ડ ઇશ્યૂમાં ૯ ટકા સુધીની યીલ્ડ ઓફર

વડોદરા, તા.૮

આઈઆઈએફએલ ફાઈનાન્સ ૧૫૦૦ કરોડ રૂપિયા સુધી એકત્ર કરવા માટે, બિઝનેસ વૃદ્ધિ અને મૂડીમાં વધારો કરવાના હેતુથી સુરક્ષિત બોન્ડ્સનો પબ્લિક ઈશ્યૂ ખોલશે. બોન્ડ્સ ૯ % સુધીની યીલ્ડ અને ઉચ્ચ સ્તરની સલામતી પ્રદાન કરે છે. આઈઆઈએફએલ ફાઈનાન્સ રૂ.૧૨૦૦ કરોડ (કુલ રૂ.૧૫૦૦ કરોડ) સુધીના ઓવર-સબસ્ક્રિપ્શનને જાળવી રાખવા માટે ગ્રીન-શૂ વિકલ્પ સાથે રૂ.૩૦૦ કરોડના સિક્યોર્ડ રિડીમેબલ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ જારી કરશે. આઈઆઈએફએલ બોન્ડ્સ ૬૦ મહિનાની મુદત માટે વાર્ષિક ૯%ની સૌથી વધુ અસરકારક યીલ્ડ ઓફર કરે છે. એનસીડી ૨૪ મહિના, ૩૬ મહિના અને ૬૦ મહિનાના સમયગાળામાં ઉપલબ્ધ છે. વ્યાજની ચુકવણીની આવર્તન વાર્ષિક, પાકતી મુદતના આધારે અને ૬૦-મહિનાની મુદત માટે માસિક વિકલ્પ સાથે ઉપલબ્ધ છે. ક્રેડિટ રેટિંગ ક્રિસીલ રેટિંગ્સ દ્વારા એએ /સ્ટેબલ અને આઈસીઆરએ દ્વારા એએ/સ્ટેબલ છે, જે સૂચવે છે કે સાધનોને નાણાકીય જવાબદારીઓની સમયસર સેવા માટે ઉચ્ચ સ્તરની સલામતી માનવામાં આવે છે અને તે ખૂબ જ ઓછું ક્રેડિટ જોખમ ધરાવે છે. મૂડીઝે આઈઆઈએફએલ ફાઈનાન્સનું રેટિંગ બી ૨ થી બી ૧ (સ્થિર)માં અપગ્રેડ કર્યું છે. આઈઆઈએફએલ ફાઈનાન્સના ગ્રુપનાં વાઈસ પ્રેસિડેન્ટ નરેશ ચૌધરી, જણાવ્યું હતું કે, ''આઈઆઈએફએલ ફાઈનાન્સ સમગ્ર ભારતમાં ૪૦૦૦થી વધુ શાખાઓની મજબૂત ભૌતિક હાજરી અને સારી રીતે વૈવિધ્યસભર રિટેલ પોર્ટફોલિયો દ્વારા ઓછી સેવા ધરાવતી વસ્તીની ધિરાણની જરૂરિયાતોને પૂર્ણ કરે છે. એકત્રિત કરેલા ભંડોળનો ઉપયોગ આવા વધુ ગ્રાહકોની ધિરાણ જરૂરિયાતને પહોંચી વળવા અને ઘર્ષણ રહિત અનુભવને સક્ષમ કરવા માટે અમારી ડિજિટલ પ્રક્રિયા પરિવર્તનને વેગ આપવા માટે કરવામાં આવશે.'' તેમણે ઉમેર્યું, ''આઈઆઈએફએલ પાસે ૨૫ વર્ષથી વધુનો દોષરહિત ટ્રેક રેકોર્ડ છે અને તમામ બોન્ડ ઈસ્યૂ અને દેવાની જવાબદારીઓ હંમેશા સમયસર ચૂકવવામાં આવી છે.'' એપ્રિલમાં, આઈઆઈએફએલ ફાઈનાન્સે ફેબ્રુઆરી ૨૦૨૦માં મધ્યમ ગાળાની નોંધો દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડોલર ૪૦૦ મિલિયનના મૂલ્યના ડોલર બોન્ડની ચૂકવણી કરી હતી.

કંપની બોન્ડ દ્વારા ૧૫૦૦ કરોડ એકત્ર કરશે

ફેશબુક અને ઈન્સ્ટાગ્રામના યૂઝર્સે દર મહિને ૬૯૯ રૂપિયા ચૂકવવા પડશે

નવી દિલ્હી, તા.૮

ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ ચલાવતી જાણીતી સોશિયલ મીડિયા કંપની મેટાએ હવે ભારતમાં તેની વેરિફિકેશન સર્વિસ શરૂ કરી છે. કંપનીએ આ પેઈડ સર્વિસ આ વર્ષે ફેબ્રુઆરીમાં લોન્ચ કરી હતી. કંપનીએ જણાવ્યું કે ભારતમાં એન્ડ્રોઈડ અને iOS યુઝર્સને વેરિફિકેશન બેજ એટલે કે બ્લુ ટિક માટે દર મહિને ૬૯૯ રૂપિયા ચૂકવવા પડશે. આગામી થોડા મહિનામાં વેબ પર ૫૯૯ રૂપિયા પ્રતિ મહિનાના દરે વેરિફાઈડ સેવા શરૂ કરવાની યોજના બનાવી રહી છે. કંપનીએ કહ્યું, 'મેટા વેરિફાઈડ સર્વિસ ભારતમાં ઈન્સ્ટાગ્રામ અથવા ફેસબુક પર ખરીદી માટે ઉપલબ્ધ છે. લોકો આ સેવા **iOS** અને Android પર ૬૯૯ રૂપિયા પ્રતિ મહિનાના દરે મેળવી શકે છે. થોડા મહિનામાં, અમે ૫૯૯ રૂપિયા પ્રતિ મહિનાના દરે વેબ વર્ઝનનો વિકલ્પ પણ રજૂ કરીશું. વેરિફાઈડ એકાઉન્ટની સેવાનો લાભ લેવા માટે, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ યુઝર્સે (ફેસબુક અથવા ઈન્સ્ટાગ્રામ) એકાઉન્ટને સરકારી આઈડી કાર્ડથી વેરિફાઈ કરવું પડશે.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
પાણી અંગેની અગત્યની જાહેરાત

આથી, જાહેર જનતાને જણાવવાનું કે, વડોદરા મહાનગર પાલિકા પાણી પુરવઠા શાખાના વિવિધ પાણીના મુખ્ય સ્ત્રોત્ર મહીસાગર બેઝ/નર્મદા કેનાલ બેઝ ખાતેથી પાણી પુરવઠો મેળવી શહેરમાં આવેલ વિવિધ પાણી વિતરણ સ્ટેશનો/બુસ્ટીંગ સ્ટેશનો/બુસ્ટરો/નવિન સમાવિષ્ટ ગામો ખાતેના ટ્યુબવેલો થકી સવાર-સાંજ કમાન્ડ વિસ્તારોમાં નાગરીકોને પાણી વિતરણ કરવામાં આવે છે. સદર પાણીના મુખ્ય સ્ત્રોત્ર/વિવિધ પાણી વિતરણ સ્ટેશનો/બુસ્ટીંગ સ્ટેશનો/બુસ્ટરો/નવિન સમાવિષ્ટ ગામો ખાતેના ટ્યુબવેલો ખાતે MGVCL દ્વારા HT/LT સપ્લાય આપેલ છે. MGVCL દ્વારા આગામી દિવસોમાં જુદા જુદા સબ-સ્ટેશનોના ફીડરો ખાતે પ્રીમોન્સુનની પ્રીવેન્ટીવ મેન્ટેનન્સની કામગીરીના ભાગરૂપે સવારે ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકના સમયગાળા માટે પાવર સપ્લાય બંધ કરી પ્રીવેન્ટીવ મેન્ટેનન્સની કામગીરી કરવામાં આવનાર છે. MGVCL સપ્લાય બંધ થવાના સંજોગોમાં પાણીના મુખ્ય સ્ત્રોત્ર મહીસાગર બેઝ/નર્મદા કેનાલ બેઝ ખાતેની પંપીંગ મશીનરી તેમજ શહેરમાં આવેલ વિવિધ પાણી વિતરણ સ્ટેશનો/બુસ્ટીંગ સ્ટેશનો/બુસ્ટરો/નવિન સમાવિષ્ટ ગામો ખાતેના ટ્યુબવેલો ખાતેની પંપીંગ મશીનરી બંધ રહેવાથી સવારે નિર્ધારીત સમયે વિતરણ થતાં પાણીના ઝોનમાં વિક્ષેપ પડવાની શક્યતા હોય જે પાણી વિતરણ MGVCL સપ્લાય પુનઃ કાર્યરત થયા બાદ વિલંબથી કરવામાં આવશે અને સાંજના સમયનું પાણી વિતરણ પણ વિલંબથી કરવામાં આવશે જેની સંલગ્ન વિસ્તારના નાગરીકોએ જાણમાં લઇ સાથ સહકાર આપવા વિનંતી છે.

પી.આર.ઓ.નં.૩૨૯/૨૦૨૩-૨૪ કાર્યપાલક ઇજનેર(ઇલે./મિકે.,પા.પુ.)

પશ્ચિમ રેલવે
સિગ્નલ અને દૂરસંચારનુ કામ

ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (બાંધકામ) બીઆરસી, આમંત્રિત કરે છે ઈ-ટેન્ડર નં. : S&T/C/BRC/120/2023-24 તારીખ ૦૭-૦૬-૨૦૨૩. કામનું નામ તેના સ્થાન સાથેઃ ઠાસરા - ગોધરા વિભાગમાં આણંદ - ગોધરા ડબલીંગ કાર્યમાં ઇન્ટરલોક કરેલ એલસી ગેટના સ્થળાંતરની જોગવાઈ અને ડબલીંગ કામ માટે એલસી ગેટ, લોકેશન બોક્સ, સિગ્નલ અને કેબલના ઉલ્લંઘનને દૂર કરવા/શિફ્ટ કરવાની જોગવાઈ. આશરે કામની કિંમતઃ રૂ. ૫૬૪૪૩૧૦૦.૪૨/- (પાંચ કરોડ ચોસઠ લાખ ત્રેતાલીસ હજાર એક સો રૂપિયા અને બેત્તાલીસ પૈસા માત્ર). જમા કરાવવાના બાનાની રકમઃ રૂ. ૪૩૨૨૦૦/-. ઈ-ટેન્ડર રજૂ કરવા અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ તારીખ ૩૦-૦૬-૨૦૨૩ ના રોજ ૧૫:૦૦ કલાક સુધી અને તારીખ ૩૦-૦૬-૨૦૨૩ ના રોજ ૧૫:૩૦ કલાકે ખુલશે. વેબસાઈટ વિગતો અને સ્થાન માટેની સૂચના જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય વગેરે : www.ireps.gov.in ડેપ્યુટી ચીફ સિગ્નલ એન્ડ ટેલિકોમ એન્જિનિયર (બાંધકામ), બીજો માળ, એનેક્સ બિલ્ડિંગ, ડીઆરએમ ઓફિસ, પ્રતાપનગર, પશ્ચિમ રેલવે વડોદરા - ૩૯૦૦૦૪

0282

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

પશ્ચિમ રેલવે
સિગ્નલ અને દૂરસંચાર નું કામ

ડેપ્યુટી ચીફ સિગ્નલ એન્ડ ટેલિકોમ ઈજનેર, બાંધકામ, પશ્ચિમ રેલવે, ત્રીજો માળ, ''એ'' વિંગ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, જીસીએસ હોસ્પિટલની સામે, અમદાવાદ - ૩૮૨૩૪૫ ઈ-ટેન્ડર મંગાવે છે.

ઈ-ટેન્ડર નંબરઃ DY.CSTE/C/ADI/2023-24/83. કામનું નામઃ પશ્ચિમ રેલ્વે પર અમદાવાદ વિભાગમાં કલોલ-કડી-કટોસણ રોડ સેક્શન વચ્ચે ગેજ કન્વર્ઝનના કામના સંબંધમાં બ્લોક સેક્શન સહિત ટેલિકોમ્યુનિકેશન કામની સામગ્રી, સ્થાપન, ટ્રેન્ચિંગ, ઓએફસી/ક્વોડ નાંખવા, બ્લોઈંગ, સ્પ્લિસિંગ, સાંધાકામ, ટર્મિનેશન, પરીક્ષણ અને કમિશનિંગ. કામની આશરે કિંમતઃ ૨,૮૪,૦૪,૧૫૬/- (રૂ. બે કરોડ ચોર્યાસી લાખ ચાર હજાર એકસો છપ્પન માત્ર). બોલી સુરક્ષાઃ રૂ. ૨,૯૨,૦૦૦/- (રૂ. બે લાખ બાણું હજાર માત્ર). ઈ-ટેન્ડર દસ્તાવેજો રજૂઆત કરવા માટે સમય અને તારીખઃ ઈ-ટેન્ડર રજૂઆતઃ- ૨૯-૦૬-૨૦૨૩ ના રોજ ૧૫:૦૦ કલાક સુધી. અને ૨૯-૦૬-૨૦૨૩ ના ૧૫:૩૦ કલાકે ખુલશે. ઈ-ટેન્ડર ખોલવાનો સમય અને તારીખઃ ૨૯-૦૬-૨૦૨૩ ના રોજ ૧૫:૩૦ કલાક સુધી. વેબસાઈટ અને સૂચના બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામુંઃ વેબસાઈટઃ- www.ireps.gov.in ડેપ્યુટી ચીફ સિગ્નલ એન્ડ ટેલિકોમ એન્જિનિયર (બાંધકામ), પશ્ચિમ રેલવે, અમદાવાદ (ગુજરાત-૩૮૨૩૪૫)ની ઓફિસ

0280

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

પશ્ચિમ રેલવે
પાર્સલ કાર્ગો ટ્રેન એક્સપ્રેસ

ડિવિઝનલ રેલવે મેનેજર (વાણિજ્ય), પશ્ચિમ રેલવે, મુંબઈ ડિવિઝન, મુંબઈ સેન્ટ્રલ ઓપન ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે, **પાર્સલ કાર્ગો ટ્રેન એક્સપ્રેસ** ટ્રેન રાઉન્ડ ટ્રીપના આધારે **૬ વર્ષના સમયગાળા માટે** ચોક્કસ ટ્રેનોમાં પાર્સલના લોડિંગ/અનલોડિંગ માટે લમ્પસમ દરની ચુકવણી પર. PCET ટ્રેનોમાં ૩૬ ૩.૯ ટન જગ્યાના ભાડાપટ્ટાનો કરાર નીચે દર્શાવેલ છે. (કરારનો સમયગાળો = ૬ વર્ષ. ટેન્ડર દસ્તાવેજની કિંમત અને બાનાની રકમ ડિપોઝિટ ફક્ત ઓનલાઈન નેટ બેંકિંગ અથવા ઈ-પેમેન્ટ ગેટવે દ્વારા જ સ્વીકારવામાં આવશે.

ક્રમ નં.	ટેન્ડર સૂચના નં.	સૂચના ની તારીખ	થી - થી	રાઉન્ડ ટ્રીપ દીઠ અનામત કિંમત (રૂ.માં)	કુલ ૬ વર્ષનો કરાર મૂલ્ય
૧	PCET-KEBG-AZA-FUT	૦૭-૦૬-૨૦૨૩	કરમબેલી ગુડ્સ શેડ-અઝારા- કરમબેલી ગુડ્સ શેડ (FUT સુધી)	રૂ. ૨૨,૫૬,૩૫૫/-	૭૦.૬૨ કરોડ

ટેન્ડર ઓનલાઈન બંધ કરવાની તારીખ અને સમયઃ ૦૩-૦૭-૨૦૨૩ ના રોજ ૧૫:૦૦ કલાકે. (ફક્ત ઓનલાઈન વેબસાઈટ www.ireps.gov.in દ્વારા)

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
G20

0276

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

પશ્ચિમ રેલવે ઉધના અને ભગત કી કોઠી વચ્ચે ઉનાળુ વિશેષ સુપરફાસ્ટ ટ્રેન દોડાવશે

ટ્રેન નં.	મૂળ સ્થાન અને ગંતવ્ય	સેવાની તારીખ	પ્રસ્થાન	આગમન
૦૪૮૧૪	ઉધના - ભગત કી કોઠી	૧૧-૦૬-૨૦૨૩ થી ૦૨-૦૭-૨૦૨૩	૦૫:૫૦ કલાક (દર રવિવારે)	૧૮:૦૦ કલાક (તે જ દિવસે)
૦૪૮૧૩	ભગત કી કોઠી - ઉધના	૧૦-૦૬-૨૦૨૩ થી ૦૧-૦૭-૨૦૨૩	૧૬:૦૦ કલાક (દર શનિવારે)	૦૪:૦૦ કલાક (આવતો દિવસ)

રોકાણ : ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ, સાબરમતી, મહેસાણા, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ, પાલી મારવાડ અને લુણી સ્ટેશન્સ બંને દિશામાં.

રચના: એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

રોકાણનો સમય અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર ૦૪૮૧૪ માટે બુકિંગ ૦૯-૦૬-૨૩ થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ઉપરોકત ટ્રેન વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
facebook.com/WesternRly
twitter.com/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ ID પ્રૂફ સાથે રાખો

પશ્ચિમ રેલવે - વડોદરા ડિવિઝન

EI બિલ્ડીંગનું યુટીલિટી શિફ્ટીંગ

ઈ-ટેન્ડર નોટીસ નં. DRM-BRC 061 OF 2023-24

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C.) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલ કાર્યો માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરે છે. **અનું. નં.1: ટેન્ડર નં. DRM BRC 061 of 2023-24**, **કામનું નામઃ** વડોદરા (P):- વડોદરા (P) સ્ટેશનના પુનઃવિકાસના સંબંધમાં EI બિલ્ડીંગનું યુટીલિટી શિફ્ટીંગ **કામનો અંદાજીત ખર્ચ (₹ માં):** 2,29,98,759.64, **જમા કરાવવાની બીડ સિક્યુરીટી ડિપોઝીટ (₹ માં):** 2,65,000.00, **ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ** તા.19-06-2023 ના 15:00 કલાક પહેલા ટેન્ડર જમા કરાવી શકાશે અને તે જ તારીખે 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશેઃ** વેબસાઈટ @ www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4.

BRC-078

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ
નોંધણીકૃત કાર્યાલયઃ 15મો માળ, પી એસ શ્રીજન ટેક પાર્ક, પ્લોટ નં. 52, બ્લોક ડીએન, સેક્ટર V, સોલ્ટ લેક સિટી, કોલકતા 700 091, જિલ્લો 24–પરગણા નોર્થ.
CIN No.: U65910WB1993FLC060810
શાખાનું કાર્યાલયઃ વડોદરા

L&T Finance

મોર્ગેજ થયેલી સંપત્તિના વેચાણ માટે જાહેર હરાજી

એલ એન્ડ ટી ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 2002ની 54 હેઠળ અને આ એક્ટ હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને તેના બાકી નાણાં અને આગળ ચઢી રહેલા વ્યાજ, ચાર્જિસ અને ખર્ચાઓ વગેરેની વસૂલાત કરવા માટે **'જાહેર હરાજી'**ના માધ્યમથી અહીં નીચે જણાવેલી સંપત્તિની **'જે જ્યાં છે'** અને **'જે જેવી સ્થિતિમાં છે'**ના આધારે ઈ–હરાજી કરી રહ્યાં છે.

મૂળ ઋણદારનાં નામ	સંરક્ષિત મિલકતનું સરનામું	લોન અકાઉન્ટ નંબર(રો)	પ્રત્યક્ષ લીધેલો કબજો	બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધુ (₹માં)	06.06.2023ના રોજ કુલ બાકી લેણા	અનામત કિંમત (₹માં)	નિરીક્ષણની તારીખ	હરાજીની તારીખ અને સમય
1. દિનેશ શેલાર 2. પ્રેમિલાબેન શેલાર	જમીનનો ટુકડો અને ખંડ બધાનું સરનામુંઃ મૌજે બાબાજીપુરા, વડોદરામાં આવેલી જમીનનો બિન–ખેતી પ્લોટ, જે આર. એસ. નં. 276/1, ટિકડા નં. 76, 15/2, સી. એસ. નં. 1007 પૈકી ધરાવે છે, જે 'અમરદીપ એપાર્ટમેન્ટ કો–ઑપ. હાઉસિંગ સોસાયટી લિ.' તરીકે ઓળખાય છે, તે પૈકીનો પાંચમો માળ, ફ્લેટ નં. 301, જેનું માપ 75.81 ચો. મી. એટલે કે 816 ચો. ફૂટ થવા જાય છે, તે 9.48 ચો. મી. જમીનમાં અવિભાજિત હિસ્સો ધરાવે છે, જેનું કુલ માપ 107.38 ચો. મી. થાય છે, તે રજિસ્ટ્રેશન પેટા–જિલ્લો અને જિલ્લો વડોદરા, ગુજરાત, 390001 ખાતે આવેલ છે અને તે અહીં નીચે મુજબ સીમાબદ્ધ છેઃ પૂર્વે: ઓટીએસ અને ખૂલ્લી જગ્યા પશ્ચિમે: કોમન પેસેજ અને સીડી ઉત્તરે: ઓટીએસ અને ખુલ્લી જગ્યા દક્ષિણે: હેમંતભાઈ પટેલનો ફ્લેટ	H181042609200326 46,H181042609200 32646L,H181042609200 32646G	20 એપ્રિલ, 2023	રૂ. 1,17,504/–	રૂ. 24,38,441.03/–	રૂ. 11,75,040/–	05/07/2023	11/07/2023

જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ–હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ–હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.E-auctiontiger.net થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ ધરાઈ રહ્યું છે.
2. જાહેર ઈ–હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્કયામત **''જેમ છે જ્યાં છે ધોરણે'' અને ''જેમ છે જે સ્થિતિમાં છે''** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ–હરાજીં ભાગ લેવા માટે ઇચ